| Article Date | Headline / Summary | Publication |
| --- | --- | --- |
| 11 May 2026 | Enjoy your summer holidays with confidence with the right travel insurance. | Prabhat (Gujarati) |

# યોગ્ય ટ્રાવેલ ઈન્શ્યોરન્સ સાથે તમારી ઉનાળાની રજાઓનો આત્મવિશ્વાસ સાથે આનંદ માણો

જેમ-જેમ શાળાઓમાં ઉનાળાની રજાઓ પડવા લાગે છે, પરિવારો તેમના વેકેશન માટેનું પ્લાનિંગ કરવાનું શરૂ કરી દે છે. બેગ પેક કરવી અને ટિકિટ બુક કરવાની સાથે-સાથે, કોમ્પ્રિહેન્સિવ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ પૉલિસી મેળવવી એ ચેકલિસ્ટની ટોચ પર હોવી જોઈએ.

ટ્રાવેલ ઈન્શ્યોરન્સ એક મહત્વપૂર્ણ સુરક્ષા બની ગઈ છે, રિપોર્ટ દર્શાવે છે કે ૨૦૨૫માં ખરીદીમાં ૪૩% વધારો થયો છે અને આ વર્ષે લગભગ ૮૫% ભારતીય મુસાફરો તેમનો ટ્રાવેલ ઈન્શ્યોરન્સ લેવાની યોજના બનાવી રહ્યા છે. વધુમાં, ?૫૦,૦૦૦ની વીમાકૃત રકમ ધરાવતી પૉલિસીઓ લગભગ ૮૬% હિસ્સો ધરાવે, જ્યારે ?૧ લાખનું કવરેજ પ્રદાન કરનાર લગભગ ૧૦% હિસ્સો ધરાવે છે, જે દર્શાવે છે કે મુસાફરો પોકેટ-ફ્રેન્ડલી પ્રીમિયમ પર મૂળભૂત સુરક્ષા પૂરી પાડતા વાજબી પ્લાનને વધુ પસંદ કરે છે.

**ટ્રાવેલ ઈન્શ્યોરન્સ શા માટે પસંદ કરવો**

કેટલાક દેશોમાં મુસાફરી કરતી વખતે, ટ્રાવેલ ઈન્શ્યોરન્સ ફરજિયાત હોય છે. ભલે ગમે ત્યાં જઈ રહ્યા હોય, કટોકટી અગાઉથી જાણ કરીને નથી આવતી. પછી ભલે તે અચાનક બીમારી હોય અથવા મુસાફરીમાં અનપેક્ષિત વિક્ષેપ હોય, તૈયાર રહેવાથી ઘણો ફરક પડે છે. અહીં કેટલાંક મહત્વપૂર્ણ પાસાં છે જેને ધ્યાનમાં લેવાં જોઈએ:

**મેડિકલ ઈમરજન્સી**

મુસાફરી કરતી વખતે લોકોને સૌથી વધારે મેડિકલ જરૂરિયાતો સંબંધિત કટોકટીનો સામનો કરવો પડે છે. ઘરેલું મુસાફરી કરતી વખતે, જો તેઓ હેલ્થ ઈન્શ્યોરન્સ સાથે સજ્જ હોય, તો તે પ્રમાણમાં સરળ બની જાય છે, પરંતુ જો વિદેશમાં ઈમરજન્સી ઊભી થાય, તો સ્ટાન્ડર્ડ હેલ્થ પૉલિસી માન્ય રહેતી નથી. વધુમાં, વિદેશોમાં હેલ્થ કેરનો ઊંચો ખર્ચ પણ ચિંતાનું કારણ બને છે.

ટ્રાવેલ ઈન્શ્યોરન્સ હૉસ્પિટલાઈઝેશન, ડૉક્ટર કન્સલ્ટેશન, ઈમરજન્સી સારવાર, સર્જરી, એમ્બ્યુલન્સ શુલ્ક અને જરૂરી હોય તો ઈવેક્યુએશનને પણ કવર કરે છે. કેટલાક ઈન્શ્યોરર મેડિકલ સહાય અને અન્ય કૉન્સર્જ સેવાઓ સહિત સહાય સેવાઓ પણ પ્રદાન કરે છે. વધુમાં, જો કોઈને તાત્કાલિક મેડિકલ ઈવેક્યુએશનની જરૂર હોય અથવા ગંભીર સ્થિતિના કિસ્સામાં રિપેટ્રિએશનની જરૂર હોય, તો ટ્રાવેલ ઈન્શ્યોરન્સ એર એમ્બ્યુલન્સ સર્વિસ અને તે વ્યક્તિને દેશમાં પાછા ફરવા માટે પરિવહન પણ પ્રદાન કરે છે.

**ટ્રિપ કૅન્સલેશન અને મુસાફરીમાં વિલંબ**

વેકેશનમાં હંમેશા કોઈપણ પ્રકારની ઈમરજન્સીને કારણે કૅન્સલેશનનું જોખમ રહે છે. તે કારણોમાં વ્યક્તિગત બીમારી, ઈજા, પરિવારમાં મૃત્યુ અથવા કુદરતી આફતો પણ હોઈ શકે છે. હવામાન અને તકનીકી સમસ્યાઓને કારણે ફ્લાઈટ રદ થવી અથવા વિલંબને કારણે મુસાફરીમાં વિલંબ પણ થઈ શકે છે.

જો કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિને કારણે યાત્રા રદ થાય છે, તો ઈન્ટરનેશનલ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ સુનિશ્ચિત કરે છે કે વ્યક્તિને તેમના નૉન-રિફંડેબલ બુકિંગ માટે વળતર મળે. જો કૅન્સલેશન કવર કરેલા કારણોસર હોય તો આમાં ફ્લાઈટ, હોટલ અને ટૂર પેકેજનો સમાવેશ થાય છે. ફ્લાઈટમાં ચોક્કસ સમયથી વધુ વિલંબના કિસ્સામાં, જો પૉલિસીમાં કવર કરવામાં આવે તો ઈન્ટરનેશનલ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ લાંબા સમય સુધી વિલંબ દરમિયાન હોટલમાં રહેવા, ભોજન અને વૈકલ્પિક પરિવહન માટે વળતર પ્રદાન કરે છે.

**ચોરી થયેલ અથવા ખોવાયેલ સામાન**



**રાકેશ કૌલ**
ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઑફિસર - રિટેલ બિઝનેસ, બજાજ જનરલ ઈન્શ્યોરન્સ લિમિટેડ

વિદેશમાં મુસાફરી કરતી વખતે, એવા ઘણા સ્થળો છે જ્યાં વ્યક્તિનો સામાન ચોરી થઈ શકે છે, જેમ કે હોટલ લૉબી, એરપોર્ટ અને આવા વધુ સ્થળો. આવા કિસ્સામાં, ટ્રાવેલ ઈન્શ્યોરન્સ પૉલિસી ખોવાયેલા સામાન અને કપડાં, ટોયલેટરીઝ અને જરૂરી રિપ્લેસમેન્ટ જેવી આવશ્યક ચીજવસ્તુઓ માટે વળતર પૂરું પાડે છે. કેટલીક પૉલિસીઓ ઈલેક્ટ્રોનિક ઉપકરણોની ચોરીને કારણે થતા નુકસાનને પણ કવર કરે છે. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે ઈન્શ્યોરર ખોવાયેલી વસ્તુઓની કિંમત પૉલિસી મર્યાદા સુધી ભરપાઈ કરે છે.

**પર્સનલ લાયબિલિટી કવરેજ**

અકસ્માત ક્યાંય પણ થઈ શકે છે અને જો કોઈ વ્યક્તિ અનિચ્છનીય રીતે કોઈ અન્યની સંપત્તિને નુકસાન પહોંચાડે છે અથવા થર્ડ પાર્ટીને ઈજા કરે છે, તો તેઓ બિનજરૂરી મુશ્કેલીમાં સપડાઈ શકે છે. પર્સનલ લાયબિલિટી કવરેજ, તમારા ટ્રાવેલ ઈન્શ્યોરન્સનો એક ભાગ છે, જે કાનૂની ખર્ચ અને વળતરના ક્લેઈમ સામે સુરક્ષા સુનિશ્ચિત કરે છે. તે તમને અણધારી ઘટનાઓને કારણે આવતા ભારે નાણાંકીય બોજનો સામનો કરવાથી અટકાવે છે.

**રાજકીય અશાંતિ અને કુદરતી આફતો**

આજના સમયમાં, રાજકીય અશાંતિ ખૂબ જ સામાન્ય બની ગઈ છે અને જો કોઈ દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે તો તૈયાર રહેવું સમજણભર્યું છે. વધુમાં, ભૂકંપ અને વાવાઝોડા જેવી કુદરતી આફતો દરમિયાન ટ્રાવેલ અસુરક્ષિત બની શકે છે. જો યોગ્ય ઍડ-ઑન સાથે સજ્જ હોય, તો કેટલાક ઈન્શ્યોરર સુરક્ષિત ઈવેક્યુએશન પણ ઑફર કરે છે.

**વધારાના લાભો**

ઉપરોક્ત ઉપરાંત, કોમ્પ્રિહેન્સિવ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ પૉલિસી તમારા પાસપોર્ટ અને મુસાફરીને લગતા અન્ય આવશ્યક ડૉક્યૂમેન્ટ ખોવાવા અથવા ચોરીના કિસ્સામાં પાસપોર્ટ સહાય પણ પ્રદાન કરે છે. તે રિપ્લેસમેન્ટને ઝડપી બનાવે છે અને સ્થાનિક દૂતાવાસની પ્રક્રિયાઓને નેવિગેટ કરે છે, જે મુસાફરીની યોજનાઓમાં અવરોધોને અટકાવે છે. વધુમાં, આકસ્મિક મૃત્યુના લાભો ઈન્શ્યોરન્સ લેનારના લાભાર્થીઓને આર્થિક વળતર પ્રદાન કરે છે, જે દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિઓમાં મહત્વપૂર્ણ સહાય પ્રદાન કરે છે. આ સુવિધાઓ સામૂહિક રીતે વિશ્વને એક્સપ્લોર કરતી વખતે આવતા અનપેક્ષિત પડકારો સામે ટ્રાવેલ ઈન્શ્યોરન્સને એક મહત્વપૂર્ણ સુરક્ષા બનાવે છે.

પરિવારો ઉનાળાના વેકેશનની તૈયારી કરી રહ્યા છે, ત્યારે કોમ્પ્રિહેન્સિવ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ પૉલિસી પસંદ એ એક જરૂરિયાત બની છે. પૉલિસીધારકો એ જાણીને નિશ્ચિંત રહી શકે છે કે જો વિદેશમાં કોઈ મેડિકલ ઈમરજન્સી ઊભી થાય તો તેમને કવરેજ મળે છે, અને અજાણ્યા સ્થળે અણધારી કટોકટીનો સામનો કરતી વખતે તેમને નાણાંકીય અને ભાવનાત્મક સહાય મળશે.

ભલે કોમ્પ્રિહેન્સિવ પૉલિસીનો ખર્ચ વધારાનો બોજ લાગે, પણ તેના ફાયદા ગેરફાયદા કરતાં ઘણા વધારે છે. મેડિકલ ખર્ચને કવર કરવાથી લઈને ટ્રિપ કૅન્સલેશન, ખોવાયેલ સામાન અથવા અન્ય આકસ્મિક પરિસ્થિતિઓ સામે રક્ષણ સુધી, આવો ઈન્શ્યોરન્સ સુનિશ્ચિત કરે છે કે વેકેશન દરમિયાન પરિવાર આર્થિક રીતે સુરક્ષિત રહે.